
# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૭૩ • તા.૨ સપ્ટેમ્બર થી ૮ સપ્ટેમ્બર ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# ૧૦ વર્ષીય બાળ લેખક વિહાન સાયલા ન્યુ દિલ્હીમાં એવોર્ડથી સન્માનિત

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# નિષ્ફળતાના શિક્ષણથી સફળ થવાય છે

દુનિયાને સતત નિષ્ફળતા મેળવેલ વ્યક્તિ જ સફળતા કેમ મેળવવી તેના પાઠ ભણાવે છે. ઓછા પ્રયત્ને અનાયાસ સંપતિ કેમ સર્જવી તેની તાકમાં સૌ રહે છે. એના પાઠ ભણાવતા કઈ કેટલાં પુસ્તકો લખાય છે, વેંચાય છે અને ખપત થાય છે. પ્રત્યેક વ્યક્તિ પોત પોતાના ક્ષેત્રમાં રાતોરાત સફળતા મેળવા માંગે છે પણ કોઈ વિચારતું નથી કે ગોટલો વાવ્યા પછી જો પૂરા પાંચ વર્ષ સુધી એની સંભાળ લેવાય, માવજત, રખાવટ કરાય તો જ એ આમ્રવૃક્ષ બનીને મ્હોરે છે અને કેરીના રૂપે મીઠા મધૂર ફળ આપે છે. સફળતા ઝટ પામવી છે પણ, સંભાળ લેવા જેટલો કોઈને સમય નથી. સૌને સત્વરે પરિણામ જોઈએ છે. પરિણામે ઘરમાં કે ગેલેરીમાં વડલો અને પીપળો ઉગે છે પણ બોન્સાઈ વૃક્ષો રૂપે.

મનોવિજ્ઞાન શિક્ષણના સફળતા મેળવવાના સાત પગલાં જેવા સચોટ ને કારગત ઉપાય બતાવતા પુસ્તકોનો રાફડો આજે બજારમાં ઠલવાય છે. જેટલા પુસ્તકો એટલા જ જ્ઞાનગુરૂઓના વ્યાખ્યાન, પ્રવચન અને બોધપ્રદ ભાષણ સાંભળી ભલભલા મૂંઝાઈ જાય છે. પાછા એના લોભામણા શીર્ષકો જેમકે 'તનાવથી મુક્તિ', 'સફળતાને આંબવી સહેલી છે'. 'હતાશાને દૂર રાખો', 'સમયથી સાવધાન', 'થીંક પોઝિટીવ' જેવા ચાલાક અને ચબરાકીયા મથાળાથી માણસ ભ્રમિત થઈ જાય છે. એટલું ગાંઠે બાંધી રાખવું જોઈએ કે માણસ એ જો સતત હકારાત્મક વિચારો જ કરવા જોઈએ, નિષેધાત્મક કશું વિચારવું ન જોઈએ. જો સતત હકારાત્મક વિચારો જ કરીએ તો કાર્ય સિદ્ધિ અવશ્ય સાંપડે છે. નિષ્ફળતા નજીક ફરકતી નથી. માણસ સતત બુદ્ધિપૂર્વક પ્રયત્નો કરે અને ધીરજપૂર્વક પોતાના ધ્યેયની પ્રાપ્તિ માટે પરિશ્રમ કરતો રહે તો અને સિદ્ધિ સફળતા નક્કી મળે જ છે. એમાં કશી જ નવી વાત નથી.

કોઈ એક કાર્ય આરંભતી વખતે ભવિષ્યમાં આવનારી સંભવિત મુશ્કેલીઓ વિષે પણ અગાઉથી આયોજન હોવું જોઈએ. મુશ્કેલી આવે ને ન પણ આવે. એના વિચારમાં હતોત્સાહ થવું નહીં. પણ આયોજન એને પડકારવાનું જરૂર રાખવું. કોઈપણ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે એક માર્ગી વિચાર ન રાખવા જોઈએ. ગતિ અવરોધક પરિબળો આવશે એના ઉપાય પણ મનોમન ઘડવા જોઈએ. તરતાં આવડતું હોય અને બાવડા સશક્ત હોય તો બે કાંઠે ઘસમસતી વહેતી નદીના પ્રવાહમાં તરવું એ આનંદની અનુભતિ થઈ રહે છે. પણ તરતાં ન આવડતું હોય અને બાવડામાં બળ ન હોય તો પણ તુંબડાને વળગી તરી શકાય. પણ નિજાનંદ ન મળી શકે. સતત તુંબડો છૂટી જશે તો એનો ભય વ્યાપેલો રહે છે.

આપણી સફળતાની કેડી આપણને મળેલી નિષ્ફળતામાંથી, વેઠેલી નુકસાનીના બોધ પાઠમાંથી જ જડવાની છે. બીજાના બોધ વચનો ઠાલા શબ્દોના ફીફાં ઝાંઝવાનું સૌદર્ય જરૂર આપશે પણ આપણને પાણીનો એક ઘૂંટડો સુદ્ધાં આપી શકશે નહીં. વિચારતા શીખીએ, બે કિનારાની વચ્ચે આપ બળે તરતાં શીખીએ અને સફળતા તથા નિષ્ફળતાના ઝૂલે ઝૂલી કાબેલિયતને કલા કૌશલ મેળવીએ અને સફળતા પામીએ.

- જ્ઞાતિમૈયા

# સહજીવનમાં સંવાદ અને સમજણ જરૂરી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજકાલ સમયમાં મા બાપ સંતાનોના લગ્ન ઉમંગપૂર્વક ખૂબજ ધામધૂમપૂર્વક લાખો રૂપિયાનો ખર્ચ કરીને કરે છે. આર્થિક દેસીયત ન હોય છતાં કર્જ લઈને સમાજમાં સારું લાગે, વ્યવહારમાં કચાશ, કમી કે ઉણપ ન રહે એ માટે અને વેવાઈ પક્ષમાં પોતાનો વટ જળવાય એ માટે ગજા ઉપરવટ જઈ સંતાનના લગનનો ખર્ચ કરે છે. સંતાનોની ખુશી, સારા ભવિષ્યનો આશાવાદ અને તેમનું દામ્પત્ય જીવન સદાય મહેકતું ખુશ હાલ રહે એ ભાવના પણ હોય છે. એને પણ સદંતર નકારી શકાય નહીં.

સમય સદંતર ખૂબજ પરિવર્તન પામ્યો છે, બદલાઈ ગયો છે. એક તો શિક્ષણ કારકિર્દી ઘડવામાં રોજગાર પ્રવૃત્તિમાં સેટલ થવા ટાઈમ લેતા અને દરેક જ્ઞાતિ સમાજમાં સગપણ સંબંધની સમસ્યાઓને કારણે સમય લંબાતા સંતાનો પ્રમાણમાં ૨૮ કે ૩૦ વરસની ઉંમર વિતી ગયા પછી સંસાર જીવનમાં ઠરીઠામ થાય છે.

સાંપ્રત સમયમાં સગાઈ, લગ્ન તૂટવા એ જાણે રમત વાત થઈ ગઈ છે. આવું થવું હવે સામાન્ય વાત થઈ ગઈ છે. લગ્ન એ પવિત્ર બંધન છે. લગ્ન માત્ર કન્યા કુમાર વચ્ચે, યુવક યુવતી વચ્ચે નહીં પણ એક પરિવારના અન્ય પરિવાર સાથે થાય છે. બંન્ને પરિવાર વચ્ચે આપસમાં મનમેળ, પ્રેમ, સંવાદ અને સ્નેહ આદાન પ્રદાનનો નાતો મજબૂત હોય તો કોઈ સમસ્યા નથી થતી. અને સંતાનનું દામ્પત્ય જીવન સદાય મહેકતું, મઘમઘતું રહે છે. આજકાલ પરિસ્થિતિ તદ્દન બદલી ગઈ છે. આપણે જોઈએ છીએ કે લગ્ન બાદ તાત્કાલિક સમય દરમ્યાન કે બે ચાર છ મહિને તો બે ચાર વર્ષના અંતરાલમાં પતિ પત્ની વચ્ચે મનભેદ થઈ જાય છે અને એક એવી જટિલ મડાગાંઠ સર્જાઈ જાય છે અને છૂટાછેડાને આરે સંબંધ પહોંચી જાય છે.

આજે સમય બદલાયો છે. સંતાનો પરિવાર વડીલોનું કહ્યું ગણકારતાં નથી મન માની જિંદગી જીવે છે. અગાઉ જ્ઞાતિ સમાજ, મહાજનના મોભીઓ આવા પ્રશ્નોમાં હસ્તક્ષેપ કરી બંન્ને પરિવારોને સાથે રાખી હકીકત જાણી મધ્યસ્થી કરતાં વિચાર ભેદ મન ભેદ થાય એ માટે સમજાવટ દ્વારા વણસતી જતી વાતને અધવચ્ચે વાળી લઈ ઘર સંસાર, ગૃહસ્થી જીવન બચાવી લેતાં હતા. આજના સંતાનો સ્વતંત્રતાને સ્વચ્છંદતા સમજીને વર્તાવ કરે છે. વડીલોનું કહ્યું માનતા નથી તો સમાજ મોવડીઓની વાત તો શાને ગણકારે? બંન્ને પાત્રો વચ્ચે મતભેદ સર્જાય તો પરિવારની મધ્યસ્થી પણ કારગત નથી નીવડતી અને વાત કોર્ટ સુધી પહોંચે છે. કેસ થાય છે જેનો અંત જલદી આવતો નથી. વર્ષોના વર્ષો નીકળી જાય છે. પૈસાનું પાણી થાય છે અને બંન્ને પાત્રોનો સોહમણનું સમય બરબાદ થાય છે અને જીવન ખોડંગાય છે. સાત જન્મ સુધી ચાલનારા સંબંધ ડહોળાઈ જાય છે. બંન્ને પક્ષોએ આપસી સમજથી ઘરમેળે આવિશંવાદી વાતનો નિકાલ લાવવો જોઈએ.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ૧૦ વર્ષીય બાળ લેખક વિહાન સાયલાને ન્યુ દિલ્હીમાં એવોર્ડ મળ્યો






માસ્ટર વિહાન શાહ, સુથરી-હૈદ્રાબાદના દિપ્તી અને અતુલ શાહના પુત્ર, ગીતા અને હંસકુમાર શાહના પૌત્ર, કુવાપધ્ધર, અલેપ્પીના પ્રમિલા અને જિતેન્દ્ર મૈશેરીના દોહિત્રને વિશ્વના સૌથી મોટા સમર બુક રાઈટિંગ ફેસ્ટિવલમાં બ્રિબુક્સ દ્વારા તેલંગાણાના મોસ્ટ પોપ્યુલર ઓથરનો એવોર્ડ મળ્યો હતો. જેમાં ૩.૫ લાખ + યુવા લેખકોએ ભાગ લીધો અને ૧ મિલિયનથી વધુ નકલો. તે નેશનલમાં ટોપ ૨૦માં સામેલ હતો. પ્રતિષ્ઠિત એવોર્ડ ફંક્શન ૦૨મી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ દિલ્હી ખાતે હતું, જેમાં તેને બ્રિબુક્સના સ્થાપક અમી ડ્રોર પાસેથી તેમના પુસ્તક યુનિક બર્થ ડે સેલિબ્રેશન માટે એવોર્ડ મળ્યો.

આ પુસ્તક તેની સત્ય ઘટના પર આધારિત છે અને તેમના પિતરાઈ ભાઈ-બહેનો ચિન્મય શાહ અને હાવિશા જૈન કોવિડ દરમિયાન હૈદરાબાદના નેહરુ ઝૂઓલોજિકલ પાર્કમાં જંગલી પ્રાણીઓ અને પક્ષીઓને દત્તક લઈને જન્મદિવસની ઉજવણી કરી હતી. વિહાન અતુલ શાહનું પુસ્તક ડિઝની એચડી ઇન્ટરનેશનલમાં દર્શાવવામાં આવ્યું છે. એનડીટીવી ૨૪×૭ ચેનલ દ્વારા તેમનો ઇન્ટરવ્યુ લેવામાં આવ્યો હતો. આ પુસ્તક ક્રોસ વર્ડ બુક સ્ટોર્સમાં સૂચિબદ્ધ થશે અને યુએસએમાં બ્રુકલિન બુક ફેસ્ટિવલ (વર્લ્ડ બેસ્ટ બુક ફેસ્ટિવલ ફોર કિડ્સ)માં પ્રદર્શિત કરવામાં આવશે.

વિહાન અતુલ શાહે ધ ખાખરા સ્ટોરી નામ સાથે વધુ ૧ પુસ્તક પણ લખ્યું છે. વાર્તામાં અનુભવના દસ્તાવેજીકરણથી લઈને પુસ્તકની રચના અને પ્રકાશન સુધી, પ્રક્રિયાનું દરેક પગલું વિહાન માટે એક પરિપૂર્ણ અને શીખવાનો અનુભવ રહ્યો છે.

**તેને પ્રાપ્ત થયેલ પુરસ્કારો :**

- તેલંગાણામાં સૌથી વધુ લોકપ્રિય લેખક
- અનન્ય જન્મદિવસની ઉજવણી માટે ૧ પ્લેટિનમ મેડલિયન
- અનન્ય જન્મદિવસની ઉજવણી અને ખાખરા સ્ટોરી માટે ૨ ગોલ્ડ મેડલિયન
- અનન્ય જન્મદિવસની ઉજવણી અને ખાખરા સ્ટોરી માટે ૨ સિલ્વર મેડલિયન
- અનન્ય જન્મદિવસની ઉજવણી અને ખાખરા માટે ૨ પ્રકાશિત લેખક પ્રમાણપત્ર
- અનન્ય જન્મદિવસની ઉજવણી અને ખાખરા વાર્તા માટે ૨ ઉભરતા લેખકનું પ્રમાણપત્ર
- અનન્ય જન્મદિવસની ઉજવણી અને ખાખરા વાર્તા માટે ૨ અમેઝિંગ લેખક

**પ્રમાણપત્ર**

- અનન્ય જન્મદિવસની ઉજવણી માટે ૧ ઉભરતા ઉદ્યોગસાહસિક લેખકનું પ્રમાણપત્ર

# ૧૦ વર્ષીય બાળ લેખક વિહાન સાયલાને ન્યુ દિલ્હીમાં એવોર્ડ મળ્યો








● ૧ અનન્ય જન્મદિવસની ઉજવણી માટે રાષ્ટ્રીય સ્તરે પ્રકાશિત લેખકનું પ્રમાણપત્ર
ISBN નંબર: ૯૭૮-૯૩-૫૭૬૫-૫૭૮-૧ જીવનકાળ માટે

● આંતરરાષ્ટ્રીય વાચકો માટે એમેઝોન લિંક સાથે અનન્ય જન્મદિવસની ઉજવણી માટે વૈશ્વિક સ્તરે પ્રકાશિત લેખક પ્રમાણપત્ર (https://www.amazon.com/dp/9357655786?ref=pe3052080397514860)

● BriBooks માંથી Amazon Kindle Tab.

● Unique Birthday Celebration બુક એમેઝોનમાં ઉપલબ્ધ છે.

● NDTV 24X7 દ્વારા ઇન્ટરવ્યુ

● પુસ્તક ક્રોસવર્ડ ઈન્ડિયા સ્ટોર્સમાં સૂચિબદ્ધ થશે.

● ડિઝની ઇન્ટરનેશનલ

● યુએસએમાં બ્રુકલિન બુક ફેસ્ટિવલ (બાળકો માટે વર્લ્ડ બેસ્ટ બુક ફેસ્ટિવલ)માં પ્રદર્શિત કરવામાં આવશે.

અન્ય સિદ્ધિઓ અને રુચિઓ

● CUBE PLUSS તરફથી સિલ્વર મેડલ ક્યુબ્સ સ્પર્ધા – વિન્ટર ઓપન ૨૦૨૦ વર્ષ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા.

● વિહાન અને તેની ટીમે કવીઓ સમાજ દ્વારા મુંબઈમાં આયોજિત ઓલ ઓવર ઈન્ડિયા સ્નાત્ર સ્પર્ધા ૨૦૨૩માં ૨જું સ્થાન મેળવ્યું.

● તેણે પોતાની વેબસાઇટ www.smartstar.in ડિઝાઇન કરી છે અને બ્લોગિંગ કરે છે.

● પોતાની વર્ચ્યુઅલ ઓફિસ બનાવી.

● અને ચિત્રકામ, ચિત્રકામ, મુસાફરી, ફોટોગ્રાફી વગેરે ગમે છે.

આંતરરાષ્ટ્રીય વાચકો માટે એમેઝોન લિંક (https://www.amazon.com/dp/9357655786?ref=pe3052080397514860)

અનોખી બર્થડે સેલિબ્રેશન, બુક લિંક: https://www.bribooks.com/bookstore/unique-birthday-celebration

ખાખરા વાર્તા, પુસ્તકની લિંક https://www.bribooks.com/bookstore/the-khakra-story

# શ્રી કદઓ ભાંડુપ સંઘમાં રૂડી રીતે પર્યુષણ મહાપર્વની તપ આરાધનાઓ થઈ



શ્રી કદઓ જૈન ભાંડુપ સંઘમાં અચલગચ્છાધિપતિ શ્રીના આજ્ઞાનુવર્તી મુનિરાજ પ.પૂ.શ્રી આગમોદયસાગરજી મ.સા. અને મુનિરાજ પ.પૂ. શ્રી મહોત્સવરક્ષિતસાગરજી મ.સા.ના ચાતુર્માસમાં મુલુંડ ઈસ્ટથી પધારેલ પ.પૂ.સાધ્વી શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી ડૉ. દેવરક્ષિતાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં પર્વ આરાધના રૂડી રીતે સંપન્ન થઈ. કલ્પસૂત્ર ઘરે પધરાવવાનો લાભ માતુશ્રી કાંતાબેન શીવજી મૈશેરી હસ્તે નિલમબેન વિજય મૈશેરી નાની સિંઘોડીવાળાએ લીધેલ. શ્રી કલ્પસૂત્રના વરઘોડામાં પખાવાજ મંડળના ભાઈએ ધર્મ ભાવના સાથે રંગત જમાવી ભક્તિ કરી હતી. પારણું પધરાવવાનો લાભ સૌ.નેહા નયન કિરીટ લોડાયા, સૌ.કિંજલ ભાવિન લહેરચંદ લોડાયા અને સૌ.જીતલ રીતેશ દિલીપ લોડાયા બાંડીયાવાલાએ લીધેલ. સ્વપ્નાનું કુલ્લ ઘૃત ૪,૫૨,૦૦૦ મણ થયેલ.



શ્રી શાલીભદ્રની પેટી ઘરે પધરાવવાનો લાભ માતુશ્રી કાંતાબેન શીવજી મૈશેરી હસ્તે શર્મિલા ગિરીશ મૈશેરી નાની સિંઘોડીવાલાએ લીધો. બારસા સૂત્ર મહારાજ સાહેબને પધરાવવાનો લાભ માતુશ્રી સોનબાઈ લખમશી ખોના નલિયા, પરિવારએ લીધેલ.



તપસ્વીઓને પારણાં માતુશ્રી રતનબેન હીરાલાલ લોડાયા સાંધવવાળાએ કરાવેલ. તદઉપરાંત શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ સંચાલિત શ્રી કદઓ ઉપાશ્રય અમદાવાદના વિવિધલક્ષી સામાજિક ધાર્મિક ઉદ્દેશ પૂર્તિ માટેના શેઠશ્રી રાયચંદ ધરમશી ભવન માટે ભાંડુપ સંઘ તરફથી રૂા.૬,૬૦,૦૦૦નો ભંડોળ એકત્ર થયેલ.

# ધન્ય તપશ્ચર્યા તમારી, સ્વીકારો અનુમોદના અમારી

## મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં અઠ્ઠાઈ તપની આરાધના કરનાર તપસ્વીઓની નામાવલી

શ્રુત પરેશ દંડ
(બાયઠ-વીએલવીજી હોસ્ટેલ, ઘાટકોપર)

કૌશિક પરેશ મોમાયા
(સાંયરા-વીએલવીજી હોસ્ટેલ, ઘાટકોપર)



**છાયા જયેશ લોડાયા**
**(વાંકુ-ડોંબિવલી)**
**૧૧ ઉપવાસ**

## ૬૫મી વર્ધમાન તપની ઓળીનું પારણું




આપણા પરિવારના દીકરી સા.શ્રી વર્ધમાનગુણાશ્રીજી મ.સા.નું ૬૫ મી વર્ધમાન તપની ઓળીનું પારણું કાલે ૦૫ સપ્ટેમ્બરના સવારના ૭ વાગે સેન્ટ્રલ પ્લાઝા ચર્ની રોડમાં હતું. એક ગુરૂભક્ત પરિવારે રૂા.૧૦૮૦૦૦/- માં પારણું કરાવાનું લાભ લીધેલ હતો.

બુધવાર, તા. ૦૬ સપ્ટેમ્બરના શ્રી ખુશાલ ભાઈના બીજા માસ ક્ષમણનું પારણું આ.મહોદયસગારસુરી મ.સા.ની નિશ્રામાં જોગેશ્વરીમાં થનાર છે. ચાલુ વર્ષિતપમાં એક માસ ક્ષમણના પારણે બીજું માસ ક્ષમણ છે.

તપસ્વીઓ તપ કરે, લાભાર્થીઓ લાભ લે તો પછી આપણને શું કરવાનું છે? બધા પરિવારજનોને આવવાનું આમંત્રણ છે.

**- ખુશાલ લખમશી પોલડીયા**
**(ગામ ડુમરા, હાલ બોરીવલી ઈસ્ટ)**

## શ્રી છત્તીસગઢ કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા પર્યુષણ પર્વ ૨૦૨૩ના અવસરે દોરવામાં આવેલી રંગોળીની તસવીરી ઝલક











# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

*ROI linked to the CIBIL score. Terms & conditions apply

| Loan | Rate |
|---|---|
| HOME LOAN | *7.99% (p.a.) |
| 2 WHEELER LOAN | *7.99% (p.a.) |
| CAR LOAN | *7.99% (p.a.) |
| PRE OWNED CAR LOAN | *9.49% (p.a.) |
| eAUTO LOAN | *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN | *9.49% (p.a.) |
| PRE OWNED CV LOAN | *9.99% (p.a.) |
| EDUCATION LOAN | *8.49% (p.a.) |
| TRADE LOAN | *8.49% (p.a.) |
| LOAN AGAINST PROPERTY | *9.49% (p.a.) |
| MORTGAGE LOAN | *7.99% (p.a.) |
| COMMERCIAL (CRE) LOAN | *8.49% (p.a.) |
| LOAN AGAINST INSURANCE POLICY | *7.75% (p.a.) |
| GOLD LOAN | *7.99% (p.a.) |
| MACHINES LOAN | *8.49% (p.a.) |

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Branch | Phone |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com @ ArihantBank


KDO

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા કાયમી નાત જમણ ઉત્સાહ સાથે યોજાયો






તા.૨૭ ઓગસ્ટ રવિવાર રોજ દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનનું કાયમી નાત જમણ-સ્વામીવાત્સલ્ય માતુશ્રી મધુરીબેન લાલજી ઘેલાભાઈ જખૌ-યુએસએ મુંબઈ પરિવાર, શ્રી ઘેલાભાઈ ફાઉન્ડેશન રાયપુર દ્વારા રાયપુરના શ્રી કુંથુંનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હોલમાં રાખવામાં આવેલ. નાત જમણ પહેલા સવારે ૧૦.૩૦ વાગ્યાથી તા.૩૦ જૂન ૨૦૨૩થી તા.૫ જુલાઈ ૨૦૨૩ સુધી સંઘમાતા અ.સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર જખૌ-રાયપુર દ્વારા આયોજિત શ્રી શંત્રુજ્ય મહાતીર્થ પાલીતાણાની યાત્રાના ફોટો પ્રોજેક્ટના માધ્યમથી બતાવવામાં આવેલ. શ્રી નાત જમણ પછી બપોરે ૩ વાગ્યાથી ચૈત્ય પરિપાટીમાં રાયપુર શહેરના ૫ જિનાલયોના દર્શન વંદન ત્યાં બિરાજીત સાધ્વી ભગવંતોને સંવત્સરિક ક્ષમાપના કરી સાંજે ચોવિહાર કરી બધાએ હર્ષોલ્લાસ સાથે ભાગ લીધેલ હતો.

# નાલાસોપારા ઈસ્ટ સંઘમાં પ્રભુજીનો વરઘોડો આનંદ માહોલમાં નીકળ્યો







મુંબઈ વેસ્ટર્ન રેલવે લાઈનના ઉપનગર નાલાસોપારા ઈસ્ટ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હર્ષગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં પ્રભુજીનો વરઘોડો તેમજ શાલીભદ્ર પેટીનો વરઘોડો આનંદ અને ઉત્સાહના માહોલમાં સંપન્ન થયેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ધર્મ શ્રદ્ધા સાથે જોડાઈ ધન્ય લાભ લીધો હતો.





# ચૈતાલી સંદીપ લોડાયાએ એલ.એલ.બી.ની ડિગ્રી મેળવી




મુળ હુબલીના ચૈતાલી સંદીપ લોડાયાએ ગુરુ સિદ્ધપા કોટામ્બરી લો કોલેજ હુબલીથી સર્વોચ્ચ માર્કસ મેળવી એલએલબીની ડિગ્રી પ્રાપ્ત કરી એડવોકેટ બન્યા છે. કોલેજ દ્વારા યોજાયેલ સમારોહમાં તેમની આ સિદ્ધી બદલ સન્માનિત કરાયા હતા.

# તિરૂપુર સંઘમાં જિનાલય દ્વાર ઉદ્ઘાટનનો લાભ લાભાર્થી પરિવારે લીધો



તા.૨૮ ઓગસ્ટ સોમવારે દક્ષિણ ભારત ક્ષેત્રના તામિલનાડુ પ્રદેશના તિરૂપુર નગર સંઘના સુવિધિનાથ જિનાલય દ્વારોઘાટનનો લાભ લાભાર્થી પરિવાર હંસરાજ વેરશી નાગડા તિરૂપુરએ લીધો હતો.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**લતાબેન નાગડા**
તા.૨૦ ઓગસ્ટ (ઉ.૭૩)
નલીયા-જલગામ



**દિપેનભાઈ ધરમશી**
તા.૨૧ ઓગસ્ટ (ઉ.૫૩)
જસાપુર-દેવલાલી



**ભરતભાઈ લોડાયા**
તા.૨૩ ઓગસ્ટ (ઉ.૭૪)
સાંયરા-મુલુંડ



**કાંતિલાલ મોમાયા**
તા.૨૬ ઓગસ્ટ (ઉ.૮૦)
ડુમરા-મુંબઈ



**મહેન્દ્રભાઈ મૈશેરી**
તા.૨૪ ઓગસ્ટ (ઉ.૭૯)
બાંઢિયા-કોલ્હાપુર



**મૃદુલાબેન મોમાયા**
તા.૨૭ ઓગસ્ટ (ઉ.૭૦)
સાંયરા-પુના



**લોકેશભાઈ નાગડા**
તા.૨૮ ઓગસ્ટ (ઉ.૨૫)
નલિયા-ઘાટકોપર



**લીલાવંતીબેન મોમાયા**
તા.૨૯ ઓગસ્ટ (ઉ.૮૮)
વરાડીયા-ડોંબિવલી





**જ્યોત્સનાબેન લોડાયા**
તા.૩૧ ઓગસ્ટ (ઉ.૫૭)
મોટી ખાવડી-ગોરેગામ



**ગૌરવ મોમાયા**
તા.૧ સપ્ટેમ્બર (ઉ.૩૧)
સુથરી-ડોંબિવલી



**હેમલતાબેન નાગડા**
તા.૩ સપ્ટેમ્બર (ઉ.૮૬)
નલિયા-ડોંબિવલી



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# ઉદાર હાથે સહાય કરો અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

## 80G સર્ટિફીકેટ

## C.S.R.

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# સમસ્ત મહાજનની B2B કમિટીના બિઝનેસ વોટસએપ ગ્રુપ ફેસબુકમાં જોડાઈ વ્યાપારનો વ્યાપ વધારો

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના વ્યવસાયિકો આપેલ લિન્ક દ્વારા વોટસએપ ગ્રુપમાં જોડાઈ વ્યાપારનો પ્રસાર વધારો. આ વોટ્સએપ બિઝનેસ ગ્રુપનો ઉદ્દેશ જ્ઞાતિજનોના અરસ પરસ વ્યાપાર વિકસે અને મહતમ ખરીદી/વેચાણને પ્રથમ પસંદગી ફક્ત કેડીઓને મળે એ છે. ચાલો નાનાને પ્રોત્સાહન આપીએ તેને ઉપર લાવીએ. તેના વ્યાપારની પ્રગતિ કરીએ.

વોટસઍપ ગ્રુપમાં ૧૦૦૦ જેટલા સભ્યો જોડાયા છે. જ્યારે ફેસબુક ઉપર ૫૫૦૦ જેટલા સભ્યો છે.

**વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**

**ફેસબુકમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● વર્ષોથી ધંધાર્થે તામિલનાડુમાં વસવાટ કરતા કચ્છી પરિવારની નેહા હિંમતભાઈ પોકાર-બોથાણીએ રેડિયો જોકી સંચાલિત એકધારી ૩૬૦ મિનીટ વક્તૃત્વ મેરેથોનમાં ભાગ લઈ ગિનિઝ વર્લ્ડ રેકોર્ડમાં નામ અંકિત કરાવ્યું છે. મૂળ નખત્રાણા તાલુકાના મોટી વિરાણી ગામના અને હાલે તામિલનાડુના નામુક્કલમાં ધંધાર્થે સ્થાયી થયેલા હિંમતભાઈ પોકાર-બોથાણીની પુત્રી નેહાએ કે.એસ.આર.કોલેજ ત્રિચૈગોડ દ્વારા કે.એસ.આર.કોમ્યુનિટી રેડિયો સંચાલિત વક્તૃત્વ મેરેથોનમાં ભાગ લઈ સતત ૩૬૦ મિનીટ એટલે કે છ કલાક લગી સળંગપણે વક્તૃત્વ આપ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૪૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

● કચ્છમાં બાગાયત ક્ષેત્રે ક્રાંતિ આવી છે. જિલ્લાના મોટા ભાગના વિસ્તારમાં આંબાના ઝાડ પુષ્કળ જોવા મળે છે. પણ નખત્રાણા તાલુકાના ભડલી પંથકના પાંચ સાત ગામમાં આજે પણ આંબાના ઝાડ નહીંવત પ્રમાણમાં છે. લોક વાયકા મુજબ આજથી ૧૪૦૦ વર્ષ વર્ષ પહેલાં ગામના પાદરે ગરીબનાથ નામે સંત આંબાના ઝાડ સમીપે તપશ્ચર્યા આદરી હતી. તે વખતે કેટલાક ઉપદ્રવી તત્વોએ આંબા પરથી કેરીની ગોટલીઓના છૂટા ઘા કરી સંતની તપશ્ચર્યામાં ધ્યાન ભંગ કરવાની ચેષ્ટા કરી હતી. જેનાથી ગરીબનાથે તપોબળથી આંબાના ઝાડને આંબલીઓના ઝાડ બનાવી નાખ્યા હતા. આજે પણ ભડલી ઉપરાંત થરાવડા, કોટડા, નથ્થર કુઈ, પ્યારા, વિછિંયા અને રાણારા ગામોના સીમાડામાં સંતના શ્રાપને કારણે આંબાના ઝાડ નહીંવત છે. ભડલી ગામના પાદરે ૧૪૦૦ વર્ષ પૌરાણિક ગરીબનાથનું મંદિર આવેલું છે. તેની પાછળ છેલ્લામાં ગંગાજી વહે છે. દક્ષિણે અખંડ ધુણો તેમજ ઉતરમાં સાડા સાત ફૂટ લાંબા પાષણમાંથી બનાવેલી કાલ ભૈરવની મૂર્તિ આવેલી છે.

● મોરચબાણ કચ્છથી બદ્રીનાથની ૧૮૦૦ કિ.મી.ના કઠિન પદયાત્રા કરી ચૂકેલા હરિદ્વાર કચ્છી આશ્રમના અધ્યક્ષ અને કચ્છ સંત હરિદાસજી મહારાજ હવે હરિદ્વારથી કન્યાકુમારી સુધીની ત્રણ હજાર કિલોમીટરની પદયાત્રાની શરૂઆત ૧૨ જુલાઈથી આદરી છે. જેનો સંભવિત રૂટ હરિદ્વારથી મેરઠ દિલ્હી આગરા, ગ્વાલિયર, જયપુર, ઈન્દોર, ઔરંગાબાદ, ધુલિયા, નાગપુર થઈ દક્ષિણ ભારતમાં પ્રવેશ કરશે. બેંગલોરને કન્યાકુમારી પહોંચવાનો નિર્ધાર છે. ત્રણ હજાર કિલોમીટરની પદયાત્રા પુર્ણ કરતાં એક વર્ષ જેટલો સમય લાગશે.

● કચ્છ ભુજનું ઐતિહાસિક તળાવ હમીરસર આ વર્ષે જુલાઈ માસની શરૂઆતે ઓગનાઈ ગયું છે. તળાવ ઓગનાતાં પ્રણાલી પ્રમાણે સુધરાઈ પ્રમુખ તેને વધાવે છે. તે દિવસે કલેક્ટર દ્વારા ભુજ શહેરમાં સત્તાવાર રજા જાહેર કરાય છે. વર્ષ ૧૯૫૩થી તળાવ વધાવવાના પ્રણાલી થઈ છે. ભુજના કુલ્લ ૪૪ નગરપતિ પૈકી ૨૭ને તળાવ વધાવવાનો અવસર પ્રાપ્ત થયો છે. જેમાં ૧૯૯૨ અને ૧૯૯૪માં વહીવટ દારે વધામણાં કર્યા હતા.

● માંડવી તાલુકાના મેરાઉ ગામે દાતા લક્ષ્મીબેન મોરારજી વીરા પરિવારના ચંદ્રિકાબેન શાંતિલાલભાઈની સહાયથી ચંદ્રલક્ષ્મી પશુ પક્ષી દવાખાનાનું ઉદ્‌ઘાટન ધારાસભ્ય અનિરૂધ દવે દ્વારા કરાયું. સરકાર દ્વારા ૧૯૬૨ નંબર ડાયલ કરવાથી પશુઓની સારવાર માટે વાહન આવે છે. માત્ર રૂા.૧૦ના ટોકન ચાર્જથી દવાખાનામાં સારવાર નિઃશુલ્ક કરાશે. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ દાતા પરિવારની જીવદયાની લાગણીની સરાહના કરી હતી.

● મોંધવારીમાં પીસાતા અનેક પરિવારો અને ભુંગા-ઝૂંપડા, કાચા મકાનોમાં રહેતા પરિવારોને ભુજની માનવ જ્યોત સંસ્થા દ્વારા પાંચ કિલો ઘઉં, પાંચ કિલો ચોખા સાથેની રાશન કિટ ઘર સુધી હાથોહાથ પહોંચાડવાની વ્યવસ્થા કાર્યના પ્રારંભ કરાયો. વિતરણની વ્યવસ્થા પ્રબોધ મુનવર, પૃથ્વીરાજ સિંહ જાડેજા, સુરેશભાઈ માહેશ્વરી, રમેશભાઈ મહેશ્વરી, શંભુભાઈ જોષી, નરશીભાઈ પટેલ, ભૂપેન્દ્ર બાલરિયા મૂળજીભાઈ ઠક્કર, નીતિન ઠક્કર તથા કાર્યકરોએ સંભાળી હતી.


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA